વડોદરા મહાનગર સેવાસદન
ખંડેરાવ માર્કેટ,રાજમહેલ રોડ,વડોદરા
ફોન PBX ૨૪૩૩૧૧૬,૨૪૩૩૩૧૮,૨૪૩૪૮૦૫.

જ. મિ. જા. નં. ૩૭૪૫
તા ૬-૧-૨૦૧૫

જમીન મિલ્કત શાખા (કોર્મ)
તા. /૦૧/૨૦૧૫.

**હુકમ:**

**વિષય: "મેગા પબ્લીસીટી" અમદાવાદને બ્લેકલીસ્ટ કરવાના હુકમને યથાવત રાખવા બાબત.**

સંદર્ભ: જ.મી.જા.નં- ૨૭૦૯ તા.૧૩-૯-૧૨

વડોદરા મહાનગર સેવાસદનના હદ વિસ્તારમાં અગાઉના વર્ષોમાં ખાનગી માલીકીની જગ્યામાં જાહેરાતના હોડીંગ્સ બોર્ડ મુકી જાહેરાત ડીસ્પલે કરવાની કામગીરી "મેગા પબ્લીસીટી"ના શ્રી નાનુભાઇ રમણલાલ શાહ,અમદાવાદ ધ્વારા કરવામાં આવતી હતી, "મેગા પબ્લીસીટી" ધ્વારા સને.૨૦૧૦-૧૧ ના વર્ષની પુરેપુરી લાયસન્સ ફી આજદિન સુધી ભરપાઇ કરેલ નથી, "મેગા પબ્લીસીટી" ધ્વારા સને.૨૦૧૧-૧૨ અને ૨૦૧૨-૧૩ ના વર્ષથી એડવાન્સ લાયસન્સ ફી નિયમાનુસાર ભરપાઇ કરેલ ન હતી સદર એડ.એજન્સીને વારંવાર લેખીતમાં એડવાન્સ લાયસન્સ ફી ભરપાઇ કરવા તથા નિતિ-નિયમોનું પાલન કરવા જણાવવા છતાં. "મેગા પબ્લીસીટી" અમદાવાદ ધ્વારા શરતોનું પાલન કરેલ ન હોઇ,અત્રેના સંદર્ભિત પત્ર થી "મેગા પબ્લીસીટી" અમદાવાદને બ્લેકલીસ્ટ કરવામાં આવેલ છે.

સદરહુ બ્લેક લીસ્ટીંગના ઓર્ડર સામે "મેગા પબ્લીસીટી" અમદાવાદ ધ્વારા નામ.ગુજરાત હાઇકોર્ટમાં એસ.સી.એ. નંબર: ૧૨૮૧૧/૨૦૧૨ દાખલ કરેલ હતી. નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સદર પીટીશનરે છ માસની મુદતમાં લાયસન્સ ફી ના નાણાં ચુકવવાની બાંહેધરી આપેલ હતી તેમજ પીટીશનરની રીકવેસ્ટ મુજબ તેમજ નામદાર ગુજરાત હાઇકોર્ટના તા.૨૭.૮.૨૦૧૩ ના હુકમ મુજબ બ્લેકલીસ્ટનો હુકમ એબેયન્સમાં રાખવામાં આવેલ હતો. તેમ છતાં સદર એડ એજન્સી ધ્વારા લાયસન્સ ફી ના નાણાં જમા નહી કરાવાતાં વડોદરા મહાનગર સેવાસદન ધ્વારા કન્ટેમ્પ ઓફ કોર્ટની અરજી નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરવામાં આવેલ છે. વધુમાં છ માસની અવધિ પુર્ણ થયેલ હોવા છતા મેગા પબ્લીસીટી ધ્વારા લાયસન્સ ફી ના બાકી નીકળતા નાણાં જમા કરાવવામાં આવેલ નથી તે સંજોગોમાં નામદાર હાઈકોર્ટને જાણ કર્યા બાદ "મેગા પબ્લીસીટી" અમદાવાદને બ્લેક લીસ્ટીંગ કરતાં હુકમ અંક- ૨૭૦૯/ તા. ૧૩-૯-૨૦૧૨ ને પુન:જીવીત /પુન:સ્થાપિત કરવામાં આવે છે અને તે હુકમને કાયમ રાખવામાં આવે છે.

મ્યુનિસિપલ કમિશ્નર
વડોદરા મહાનગર સેવાસદન.

નકલ રવાના:
- શાખા અધિકારીશ્રી(તમામ શાખા)(જાણ તથા અમલ કરવા સારુ)

નકલ રવાના
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી,(તમામ મહાનગરપાલીકા)
- કલેકટરશ્રી, (તમામ જીલ્લા)
- જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (તમામ જીલ્લા)
- શ્રી ડાયરેકટર ઓફ મ્યુનિસિપાલીટી,ગાંધીનગર
- ડીવીઝનલ મેનેજરશ્રી(વેસ્ટર્ન રેલવે) રાજકોટ,ભાવનગર,અમદાવાદ,સુરત,વડોદરા,
- મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુ.રા.માર્ગ વાહન વ્યવહાર નિગમ(ગીતા મંદીર પાસે,અમદાવાદ)

નકલ સવિનય જાણ અર્થે. :-
- સચિવશ્રી,શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

રવાના કર્યુ ,

જમીન મિલ્કત અમલદાર(કોર્મ),
વડોદરા મહાનગર સેવા સદન